# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- 17 સપ્ટેમ્બરથી 2 ઑક્ટોબર સુધી ‘‘સ્વચ્છતા હી સેવા’’ પખવાડિયા અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હીમાં યોજાનારા ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરશે.
- વડોદરાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાર ટુકડીઓ સર્વે કામગીરી શરૂ
- હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી
- ગુજરાતની અંડર 19 મહિલા ક્રિકેટ ટીમે વિમેન્સ ઇન્વીટેશન ટી-20 ટુર્નામેન્ટમાં ગોવાને હરાવ્યું.

---------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SWACHHTA HI SEVA PAKHVADIYU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલ ‘‘સ્વચ્છ ભારત મિશન’’ ને આ વર્ષે એક દાયકો પૂર્ણ થાય છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં 17મી સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર 2024 સુધી ‘‘સ્વચ્છતા હી સેવા’’ પખવાડિયાનું આયોજન કરાશે. જેની વિષયવસ્તુ- ‘‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’’ છે.

રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં 10 વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આગામી બીજી ઓક્ટોબર-ગાંધી જયંતિએ "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવવામાં આવશે.

‘‘સ્વચ્છતા હી સેવા’’ પખવાડિયાની ઉજવણીનાં ભાગરૂપે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ ઉપરાંત રાજ્યના તમામ વિભાગોમાં લોકભાગીદારી થકી સ્વચ્છતા, સ્વચ્છતા લક્ષીત એકમો સાથે સંપૂર્ણ સ્વચ્છતા અને સફાઈ મિત્ર સુરક્ષા શિબિરો યોજાશે તેમ જ સ્વચ્છતા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# GUJ. KHEDUT DECISION

રાજ્ય સરકારે ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજીટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપવા ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે.

ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં 6 એપ્રિલ, 1995 પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે 6 એપ્રિલ 1995 પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે, તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં.

વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં.

રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી 1951-52થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજ્યમાં અમલમાં છે. આ અંગે, કરાયેલી રજૂઆતોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે નવા નિર્ણયો લીધા છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# SHAH - RAJBHASHA SAMMELAN

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હીમાં યોજાનાર ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદઘાટન સત્રમાં સંબોધન કરશે. આજે હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલાં આ સંમેલનમાં શ્રી શાહ રાજભાષા ગૌરવ અને રાજભાષા ક્રિર્તી પુરસ્કારો એનાયત કરશે. તેમજ રાજભાષા ભારતીય સામાયિકના હીકર જયંતિ અંકનું વિમોચન કરશે.

ઉલ્લેખનીય છે કે, હિન્દીને સત્તાવાર રાજભાષા તરીકે દરજ્જો મળ્યાને 75 વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

---

-રીપીટ

# SWACHHTA HI SEVA-SEVA SETU

સમગ્ર રાજ્યમાં આગામી 17 સપ્ટેમ્બરથી 31 ઓકટોબર સુધી ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૪’ અભિયાન અને સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. જે અંતર્ગત સોમનાથ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારને જનભાગીદારી થકી સ્વચ્છ અને સુઘડ બનાવવામાં આવશે.

જ્યારે ‘સેવાસેતુ’ કાર્યક્રમ થકી સરકારની મહેસૂલ, આરોગ્ય, વાહનવ્યવહાર સહિતના વિવિધ વિભાગની 55 જેટલી સેવાઓનો લાભ નજીકના સ્થળે જ આપવામાં આવશે.

આ અંગે સોમનાથ જિલ્લાના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ વધુ માહિતી આપી

(બાઈટ દિગ્વિજયસિંહ જાડેજા -કલેક્ટર ગીર સોમનાથ)

---

- પીટીસી ગીર સોમનાથ /હેમાંગીની

# VADODARA SURVEY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાના નાના વેપારીઓ માટે જાહેર કરેલા પૂર રાહત પેકેજનો લાભ તુરંત મળે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૩૦ સર્વેયરોની ફોજ ઉતારવામાં આવી છે.

નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિએ જણાવ્યું કે, સર્વે માટે ચાર ટીમો બનાવવામાં આવી છે. 50થી 60 કર્મયોગીઓની આ ટુકડીઓએ વિવિધ તાલુકાઓમાં સર્વેની કામગીરી શરૂ કરી દીધી છે. સાથે જ રાહત પેકેજનો લાભ લેવા ઇચ્છતા વેપારીઓ માટે સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં ફોર્મથી માંડીને ઓળખના પુરાવા, વેપારના પુરાવા ઉપરાંત બેંકની વિગતો સહિતની માહિતી ભરવાની રહેશે.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# RAJKOT YOJANA

રાજકોટમાં તાલુકા પંચાયત કચેરી ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષ સ્થાને તાલુકા આયોજન સમિતિની બેઠક યોજાઈ હતી.

જેમાં આયોજન મંડળની વિવિધ જોગવાઈ અનુસાર કુલ 127.50 લાખ રૂપિયાના સી.સી.રોડ, પીવાના પાણી, ગટર, જાહેર આરોગ્યના કામો, આંગણવાડી ઉપરાંત વિવિધ પાયાની સવલતોના કામો અંગે ચર્ચા કરવામાં આવી. બેઠકમાં મોઢુકા ગામે સી.સી. રોડ, પાટીયાળી, કુલઝર ખાતે કમ્પાઉન્ડ વોલ, સ્મશાન છાપરી, કોઝવેના કામો તેમજ ખારચિયા અને લાલાવદર ખાતે અવેડા, અમરાપુર ખાતે સુરક્ષા દિવાલ, પાણીના ટાંકા, સ્મશાનમાં પેવર બ્લોક સહિતના વિવિધ વિસ્તારોના કામોને મંજૂરી અપાઈ હતી.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ 0 સુનિતા

# UDHNA ST BUS

ઉધના ખાતે 4.72 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા નવ નિર્મિત ડેપો વર્કશોપનું રાજ્યના વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે વાહન વ્યવહાર મંત્રીએ જણાવ્યું કે, ગુજરાત એસ.ટી.ના ઈતિહાસમાં પ્રથમવાર પ્રતિદિન 25 લાખ મુસાફરો આવાગમનની સેવા આપવામાં સફળતા મળી છે. આગામી સમયમાં 30 લાખ મુસાફરો પ્રતિદિન મુસાફરી કરતા થશે એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

ઉધના ખાતે સુવિધાયુક્ત નવિન વર્કશોપમાં ટાયર રૂમ, મિકેનિકલ રેસ્ટ રૂમ, ઓઈલ રૂમ, સ્ટોર રૂમ, વોટર રૂમ, ઈલેક્ટ્રિક રૂમ, રેકર્ડ રૂમ, ડેપો મેનેજર કેબિન, એડમિન ઓફિસ, ક્લાસ ૧/૨ રેસ્ટ રૂમ, ડોરમેટરી અને શૌચાલય-હેન્ડીકેપ શૌચાલય જેવી સુવિધાઓ ઉભી કરાઈ છે.

---

- માહિતી ખાતુ - સુનિતા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# TAPI SEVA SETU

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં આગામી 17 સપ્ટેમ્બરથી 31 ઑક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેના ભાગ રૂપ તાપી જિલ્લામાં પણ દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ, સ્વચ્છતા હી સેવા, એક પેડ મા કે નામ જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

તાપી જિલ્લા કલેક્ટરે પત્રકારોને આ વિશે માહિતી આપતા જણાવ્યું કે સમગ્ર જિલ્લાના સાત તાલુકાઓમાં 25 જેટલા સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન સરકારની 54 જેટલા વિવિધ વિભાગોની સેવાઓનો લાભ નાગરિકોને મળી રહે તેવું આયોજન કરાયું છે.

---

- પીટીસી તાપી – સુનિતા

-(NAVIN)

# POSHAN MAS

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે 7મા પોષણ માહની કાર્યશાળા યોજાઈ. કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગો દ્વારા ઊભા કરાયેલા સ્ટોલનું મંત્રીશ્રીએ નિરિક્ષણ કર્યું..

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આ અભિયાનને વેગવાન બનાવવા રાજ્યના ચાર ઝોનમાં આ કાર્યશાળાથકી મહિલા અને બાળ કલ્યાણની યોજનાઓ જન-જન સુધી પહોંચાડવામાં આવશે.. મંત્રીશ્રીના હસ્તેવિવિધ યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લાભાર્થી હિનાબેને  તેમણે  મેળવેલ લાભ  અંગે માહિતી આપી

(બાઇટ હિનાબેન- લાભાર્થી )

---------------------------------------------------------------------

- પીટીસી-નર્મદા-રીટા દવે-યશ્રી

# GUJARAT WEATHER

હવામાન વિભાગે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.

જેમાં બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા જિલ્લાના અંતરિયાળ ભાગોમાં વરસાદ વરસી શકે છે.

દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો છોટાઉદેપરુ, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં હળવો વરસાદ વરસી શકે છે. તો સૌરાષ્ટ્ર કચ્છમાં ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરંબદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ તેમજ કચ્છના કેટલાક ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે.

------------------------------------------------------------------------

- પૂલ ૦ સુનિતા

-(NAVIN)

# CRICKET

ગુજરાતની અંડર 19 મહિલા ક્રિકેટ ટીમે અમદાવાદમાં ચાલી રહેલી અંડર 19 વુમન્સ ઇન્વિટેશન ટી-20 ટુર્નામેન્ટની મેચમાં ગોવા સામે 5 વિકેટથી જીત હાંસલ કરી છે.

ગોવાની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ગુજરાત તરફથી નિધિ દેસાઈ અને દિયા જરીવાલાએ બે – બે વિકેટ ઝડપી હતી. ગોવાની ટીમે 19 ઓવરમાં 52 રનનો લક્ષ્યાક મુક્યો હતો જેના જવાબમાં મેદાનમાં ઉતરેલી ગુજરાતની ટીમે 5 વિકેટ ગુમાવીને 58 રન બનાવ્યા હતા.

----------------------------------------------------------------------

-ડેસ્ક, સુનિતા -(NAVIN)

# BHAVNAGAR MORARAJI SAHAY

ગાંધીનગર જિલ્લાના દહેગામના વાસણા સોગઠી ખાતે મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન સમયે 8 વ્યક્તિઓના ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યા છે. વાસણા સોગઠી ગામે જ રહેતાં તમામ યુવકો ગણેશ વિસર્જન કરતી વખતે નદીમાં અકસ્માતે મોતને ભેટ્યા હતા.

આ ઘટના બાદ પૂજ્ય સંત મોરારજી બાપુએ મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી છે. તેમજ પ્રત્યેક મૃતકના પરિવારજનોને 2 લાખ 10 હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આ વર્ષે ગણેશ વિસર્જન દરમ્યાન જુદા જુદા બનાવોમાં કુલ 14 વ્યક્તિઓના મોત નિપજ્યા છે..

---

- પીટીસી-ભાવનગર- સરફરાઝ નાગોરી

-(NAVIN)

# BHAVNAGAR SHETRUNJI DEM

ભાવનગર જિલ્લામાં છેલ્લા 22 દિવસથી ધીમી ધારે મેઘમહેર થઇ રહી છે. જેને લીધે જિલ્લાના જીવાદોરી સમાન શેત્રુંજી ડેમની સપાટી 28.8 ફૂટે પહોંચતા ડેમમાં પાણીની આવક 70 ટકાએ પહોંચી છે. પરિણામે કાંઠાવિસ્તારના 18 ગામોને એલર્ટ કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, શેત્રુંજી ડેમની કુલ સપાટી 34 ફૂટની છે, જયારે હાલમાં હાલ ઉપરવાસમાંથી દરરોજ 807 ક્યુસેક પાણીની આવક થઇ રહી છે.

---

- પીટીસી-ભાવનગર- સરફરાઝ નાગોરી -(NAVIN)